મિડ-ડે

Mumbai 15 January, 2020

# ૩૩ કરોડનું દાન મળ્યું: ટાર્ગેટ ૪૦ કરોડથી વધુનું

## ૨૯૧ એનજીઓ, ૨૦૪ કૉર્પોરેટ્સ અને ૧૪,૦૦૦ દોડવીરો સાથે મેગા ઇવેન્ટ યોજાશે

**મુંબઈ : (મિડ-ડે પ્રતિનિધિ)** વર્ષના પહેલા મહિનામાં યોજાતી મુંબઈ મૅરથૉનની દોડવીરો જ નહીં, સામાન્ય મુંબઈગરાઓ પણ આતુરતાથી રાહ જોતા હોય છે. એ દોડ સાથે સંકાળાયેલી યુનાઇટેડ વે મુંબઈ દ્વારા અનેક સામાજિક કાર્યો સાથે સંકળાયેલી એનજીઓ માટે ફાળો ભેગો થાય છે. આ વર્ષની તાતા મુંબઈ મૅરથૉન ૨૦૨૦ની સ્પોર્ટની આ મેગા ઈવેન્ટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૯૧ એનજીઓ અને ૨૦૪ કૉર્પોરેટ્સ કંપનીઓ પણ જોડાઈ છે. દર વર્ષે મળતી સખાવતની રકમમાં વધારો થઈ રહ્યો છે. આ વર્ષે ૪૦ કરોડ રૂપિયા કરતાં વધુનો ટાર્ગેટ છે જેમાંથી અત્યાર સુધીમાં ૩૩ કરોડ રૂપિયા જમા થઈ ગયા છે. મંગળવારે આયોજકો તરફથી એક પ્રેસ-કૉન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફાળો ઉઘરાવવામાં મોખરે રહેલા કૉર્પોરેટ વર્લ્ડના મહાનુભાવો હાજર હતા.

વ્યક્તિગત રીતે ફાળો ઉઘરાવવામાં મોખરે રહેલા મહિન્દ્ર ઍન્ડ મહિન્દ્રના વી. એસ. પાર્થસારથિએ ગયા વર્ષનો પોતાનો ૧.૩૯ કરોડ રૂપિયાનો રેકૉર્ડ બ્રેક કરતાં આ વર્ષે ઑલરેડી ૧.૪૧ કરોડ રૂપિયાનું દાન મેળવી લીધું છે. અંદાજે ૨૦૦૦ લોકો પાસેથી તેમણે આ દાનની રકમ ઉઘરાવી છે. તેમણે કહ્યું હતું કે ‘આપણે જે સમાજ પાસેથી લીધું છે એ જ સમાજને પાછું આપી રહ્યા છીએ. આમ કરીને આપણે તેમને નહીં, આપણને પોતાને જ મદદ કરી રહ્યા છીએ.’

જ્યારે કોટક મહિન્દ્ર બૅન્કના પ્રેસિડેન્ટ (કૉર્પોરેટ ઍન્ડ ઇન્વેસ્ટમેન્ટ) કીવીએસ મનિયને આ વર્ષે તેમની ૪૩ જણની ટીમ સાથે મળીને ૩ કરોડ રૂપિયાનું દાન મેળવ્યું છે. તેમનું કહેવું છે કે મેં જે રીતે બિઝનેસ મેળવવામાં ટાર્ગેટ હોય છે એ જ રીતે દાનની રકમ મેળવવાનો પણ ટાર્ગેટ રાખ્યો છે. દર વર્ષે ગયા વર્ષ કરતાં આવતા વર્ષે એ ટાર્ગેટ ડબલ કરી એને નજર સામે રાખીને દાનની રકમ મેળવવા મચી પડે છે અને અન્યોને સમજાવી તેમનો સહકાર લઈ એ ટાર્ગેટ પૂરો કરે છે.

મુંબઈ મૅરથૉનમાં દર વર્ષે ભાગ લેતા અને સખાવત માટે સતત પ્રયત્નશીલ રહેતા અને અનેક લોકોને એ માટે પ્રેરણા આપતા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના ધવલ મહેતા ૩ ડિસેમ્બરે એક કાર-ઍક્સિડન્ટમાં મૃત્યુ પામ્યા બાદ તેમના મિશનને ડૉક્ટર બિજલ મહેતા આગળ વધારી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં તેમણે ૧.૬ કરોડ રૂપિયાનું દાન મેળવ્યું છે. નર્ગિસ દત્ત ફાઉન્ડેશન સાથે સંકળાયેલાં સમાજસેવિકા અને રાજકારણી પ્રિયા દત્તે વ્યક્તિગત રીતે ૭.૬ લાખ રૂપિયા અને માન્યતા દત્તે ૨૨ લાખ રૂપિયા ભેગા કર્યા છે. તેમણે કહ્યું હતું કે ‘જ્યારે પણ દાનની રકમ ઉઘરાવવાનું બાળકોને કહેવામાં આવે છે ત્યારે બાળકો ખાસ કરીને એમ પૂછતાં હોય છે કે કોઈની પાસે પૈસા કઈ રીતે માગી શકાય? તેમને એ માટે સંકોચ થતો હતો. અમને પણ પહેલાં સંકોચ થતો હતો, પણ જ્યારે એ પૈસા કે દાનની રકમ કોઈ અન્યની સારવાર માટે કે પછી જરૂરિયાતમંદ બાળકોના ભણતર માટે વપરાવાની હોય ત્યારે એ દાનની રકમ માગવામાં કશો છોછ ન હોવો જોઈએ. ઊલટું વધુ ને વધુ રકમ કઈ રીતે મળી શકે એ માટેના પ્રયાસ કરવા જોઈએ.’